# હિંમતનગરમાંથી રાજસ્થાનની પરિણીતા મળી આવી માનસિક રીતે ભાગી પડેલી સંતાનોની માતા છે

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કેરોજ કમ્પા ગામ નજીક ચાર દિવસ પહેલા પાણી ભરેલા



કુવામાં વાદળી કલરના પ્લાસ્ટિકના બેરલ મળી આવેલ હતું જેમાં એક અજાણી ૨૫ વર્ષની મહિલા અને ૨ વર્ષની બાળકીની નિર્મમ અને ક્રૂરતાપૂર્વક કોઈ અજાણ્યા ઈસમોએ હત્યા કરીને મૃતદેહોના ૨૨ થી વધુ ટુકડા કરી શેતરંજી, ચણિયો, રૂમાલમાં વીંટાળીને બેરલમાં મૃતદેહોના ટુકડા મુકીને ને બેરલ બંધ કરેલ હતું જેને લઈને સાબરકાંઠા જિલ્લા પોલીસ દિવસ-રાત મૃતદેહોની ઓળખ અને હત્યારાનું પગેરું શોધવા માટે ભરપુર પ્રયત્ન કરી રહી છે પણ હજી કોઈ કડી મળી નથી. જિલ્લાની પોલીસ શોધખોળમાં કામે લાગી ગઈ છે ત્યારે હિંમતનગર પોલીસને હાથે શુક્રવારે મોડી સાંજે રાજસ્થાનની એક પરિણીતા માનસિક રીતે ભાગી પડેલી દુખદ હાલતમાં મળી આવી હતી. જે છેલ્લા કેટલાક દિવસથી ભૂખી હોય તેવું જણાઈ આવતા તેને પોલીસે જમાડી હતી અને ત્યારબાદ તેની પૂછપરછ કરી પરીણીતાને તેના પિતાને મોડી રાત્રીના સોંપી દેથી હતી.

વિગત એવી છે કે હિંમતનગર ટાઉન પોલીસમથકના પીએસઆઈ બી.વી. રાવળ, સ્ટાફના પરબતસિંહ ઝાલા, ચંદ્રકાંતભાઈ પરમાર, હરપાલસિંહ ચૌહાણ અને મહિલા પોલીસ સુમનબેન ચૌધરી શુક્રવારની મોડી સાંજે પેટ્રોલિંગમાં હતા ત્યારે ૭ વાગેના સુમારે શહેરની મુખ્ય પોસ્ટ ઓફીસ આગળ એક શંકાસ્પદ મહિલા નજરે ચડી હતી. જેથી તે મહિલાને હિંમતનગર ટાઉન પોલીસમથકે લાવ્યા હતા જે દેખતા તે છેલ્લા કેટલાક દિવસથી ભૂખી હોય તેવું જણાઈ આવતા તેને પોલીસે જમાડી હતી અને તેની પૂછપરછ કરતા તેને પોતાનું કહાનીમાં જણાવેલ અને પોતાનું નામ નીલા જણાવેલ જેના પોતે સાબરકાંઠા જિલ્લાના વિયજનગર તાલુકાના અદેપુર ગામની છે અને મારા પિતાનું નામ રામજીભાઈ શકરાભાઈ ગમાર જણાવેલ હતું અને મારૂ લગ્ન રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના જાડોલ તાલુકાના પાનરવા (કેવડી ગામ) મોંઘીલાલ રોશાનજી ખરાડી સાથે થયેલ છે. મારે ત્રણ સંતાન છે જેમાં બે બાળકો અને એક બાળકી છે મેં ધોરણ-૧૦ સુધી અભ્યાસ કરેલ છે અને હું આંગણવાડી કેન્દ્રમાં નોકરી કરતી હતી. હું ઘરેથી માનસિક રોગની દવા કરાવવા નીકળી ત્યાર બાદ ભાન ભૂલી ગયેલી અને શું થયું તે મને ખબર નથી અને આમ તેમ ભટકતી હતી અને મને છેલ્લા ત્રણ દિવસથી સભાનતા આવતા મને જાણ થયેલ કે હું સુરત છુ ત્યાર બાદ સુરતથી રેલવે માર્ગે અમદાવાદ અને ત્યાંથી હિંમતનગર આવી હતી. આ માહિતી ઉપરથી પોલીસે તાત્કાલિક વિજયનગરના અદેપુર ગામે સંપર્ક કર્યો હતો તેના પિતાને તેમની દીકરી વિષે જણાવેલ જેથી પિતા ગામના આગેવાનો સાથે હિંમતનગર ટાઉન પોલીસ મથકે મોડી રાત્રીના આવી ગયા હતા આ અંગે તેના પિતાએ પોલીસને જણાવેલ કે મારી દીકરી તેના સાસરીથી ૧૭ દિવસ પહેલા દવા કરાવવા જાઉં છું તેમ કહી નીકળેલ હતી. ત્યાર બાદ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો જેથી અંદાજે ૨૭ વર્ષીય નીલાબેનને પોલીસે તેમના પિતા રામજીભાઈને સોંપી હતી.

# બનાસકાંઠા જિલ્લા પંચાયતની વાસણ સીટના ઉમેદવારનું નિધન થતા ચૂંટણી મોકૂફ

પાલનપુર, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લા પંચાયતના સદસ્ય અને આવતીકાલે યોજાનાર જિલ્લા પંચાયત ચૂંટણીના વાસણ (જૂનાડીસા) સીટના ભાજપના ઉમેદવારનું અકાળે અવસાન થતા આ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ બેઠકની ચૂંટણી મોકુફ રાખવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપ જિલ્લા પંચાયતના સદસ્ય અને આવતીકાલે યોજાનાર જિલ્લા પંચાયત ચૂંટણીના વાસણ (જૂના ડીસા) સીટના ભાજપના ઉમેદવાર કાનાભાઈ દેસાઈ એક સપ્તાહ પહેલા ભીલડી-ડીસા માર્ગ પર થયેલ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયા હતા અને છેલ્લા એક અઠવાડીયાથી તેમની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી હતી. આ દરમિયાન ગત મોડી રાત્રે તેમની તબીયત વધુ લથડતા મોડી રાત્રે તેમનું અવસાન થયું હતું. જેથી તેમના પરિવાર અને બનાસકાંઠા ભાજપમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. ચૂંટણી ઉમેદવારના અકાળે નિધનથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ જિલ્લા પંચાયતની બેઠકની ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે.

# સૌરાષ્ટ્રમાં પાણીની તીવ્ર તંગી વચ્ચે કરોડો રૂપિયા ઉત્સવો પાછળ ખર્ચાયા

## ચૂંટણી સમય સૌરાષ્ટ્ર-કચ્છમાં દસ હજાર કરોડ રૂપિયાની યોજના શરૂ કરવા વાત કરનાર સરકારનું આયોજન નથી

અમદાવાદ, તા.૧૬

શિયાળો હજુ પુરો પણ થયો નથી ત્યાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. પીવાના પાણી માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં બેડા યુદ્ધ શરૂ થઈ ગયું છે. કચ્છમાં ઢોરોને પીવા માટે પાણી અને ઘાસચારાની તંગી સર્જાઈ રહી છે. એવા કપરા સમયે ગુજરાત સરકાર પ્રજાના પરસેવાના કરોડો રૂપિયા બરબાદ કરીને ઉત્સવો ઉજવી રહી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા જયરાજસિંહ પરમારે જણાવ્યું છે કે, ચુંટણી સમયે પીવાના પાણી માટે સૌરાષ્ટ્ર અને કચ્છમાં દસ હજાર કરોડ રૂપિયાની યોજના ફાળવવાની વાતો કરનારી ભાજપ સરકારે કોઈ નક્કર આયોજન શરૂ ન કર્યું હોવાને કારણે સમગ્ર કચ્છની જનતા પીવાના ચોખ્ખા પાણી માટે વલખા મારી રહી છે.

જયરાજસિંહે જણાવ્યું છે કે, કચ્છમાં માલધારીઓ એક તરફ હિજરત કરી રહ્યા છે, અને પશુઓ ઘાસચારા અને પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે ત્યારે પશુધનને બચાવવાના કોઈ નક્કર પગલા લેવાને બદલે ગાંધીનગરના તખ્ત ઉપર બાદશાહત ભોગવતા મુખ્યમંત્રી કચ્છમાં રણોત્સવ ઉજવી રહ્યા હતા. વિદેશી સહેલાણીઓને સાચવનારી આ સરકારના સૂબાઓ વિદેશીઓને સવલતો પૂરી પાડવાના મોહમાં કચ્છી માલધારીઓ અને પશુપાલકોને હળહળતો અન્યાય કરી રહ્યા છે. મુખ્યમંત્રીએ અગાઉ રેલ્વે ટ્રેક ઉપર અને નર્મદાની કેનાલો ફરતે ઘાસચારો ઉગાડીને પશુઓને ઘાસ પુરું પાડવાની વાતો કરી હતી. પણ આજે એ બધી વાતો હવાઈ કિલ્લા જેવી સાબિત થતી જાય છે. મુખ્યમંત્રી જણાવે કે, નર્મદાની સબ-કેનાલો તો બનાવી નથી તો તેઓ ક્યાં ઘાસ ઉગાડવા માંગે છે. બીજી બાજુ પશુપાલન જેના પર નભે છે તે કિમતી ગૌચરો તો માનીતા ઉદ્યોગપતિને પધરાવી દીધા છે.

# સુચિત અરવલ્લી જિલ્લો અને પુનઃરચિત સાબરકાંઠા જિલ્લા સંબંધે પ્રજાજનો રજુઆત કરી શકશે

હિંમતનગર, તા. ૧૬

ગુજરાત સરકારશ્રી તરફથી નવા જિલ્લા તથા તાલુકાઓની રચના કરવા બાબતે લેવાયેલ સૈદ્ધાંતિક નિર્ણય અનુસાર, સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરી અલગ અરવલ્લી જિલ્લો બનાવવાનો થાય છે તેમજ ખેડબ્રહ્મા તાલુકાનું વિભાજન કરી પોશીના તાલુકો બનનાર છે. આ સુચિત પૂનઃરચિત જિલ્લા-તાલુકાની વિગતો નીચે મુજબ છે.

(૧) સૂચિત અરવલ્લી જિલ્લામાં સમાવેશ કરવામાં આવનાર તાલુકાઓના નામો - ખેડબ્રહ્મા, ભિલોડા, વડાલી, વિજયનગર, સુચિત પોશીના પુનઃરચિત સાબરકાંઠા જિલ્લામાં સમાવેશ કરવામાં આવનાર તાલુકાઓના નામો - હિંમતનગર, બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા, પ્રાંતિજ, તલોદ, ઈડર

સરકારશ્રીના ઉક્ત સૈદ્ધાંતિક નિર્ણય સંબંધે સાબરકાંઠા જિલ્લાની ગામ/તાલુકાની જાહેર જનતા રજુઆતો કરવા માંગતી હોય, તે માટે લેખિત રજુઆતો સંબંધિત નાયબ કલેકટરશ્રી (પ્રાંત અધિકારીશ્રી)ને દિન-૨૦માં લેખિત સ્વરૂપે મોકલી શકાશે તેમ સાબરકાંઠા જિલ્લા કલેકટરશ્રી શાહમીના હુસેનની યાદીમાં જણાવાયું છે.

# ડીસાના દલાજી પાર્કમાં અજાણ્યા તસ્કરો દ્વારા ઘરફોડ ચોરી

ડીસા, તા. ૧૬

ડીસા શહેરના દલાજી પાર્ક વિસ્તારમાં એક બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી સોના-ચાંદીના દાગીના સહિત



રૂા. ૩૧૬૦૦ નો મુદ્દામાલ ઉઠાવી ફરાર થઈ ગયા જતા ચકચાર મચી જવા પામી હતી.

ડીસા શહેરના દલાજી પાર્ક વિસ્તારમાં રહેતા રમેશભાઈ ઠરના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી તાળા તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. અને રૂા. ૧૪ હજારની રોકડ,ચાર ગ્રામ સોનાના દાગીના, ચાંદીના સી, બે કાંડા ઘડિયાળ સહિત રૂા. ૩૧૬૦૦ના મુદ્દામાલની ચોરી કરી હતી. આ ઘરફોડ ચોરી મામલે ડીસા શહેર પોલીસે ફરીયાદી રમેશભાઈ ઠરની ફરીયાદ આધારે અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી માત્ર એક લાખની આબાદી ધરાવતા શહેરી વિસ્તારમાં અજાણી તસ્કર ગેંગ દ્વારા સમીયાંતરે અનેકો ચોરીના બનાવોમાં શહેરી જનોની લાખોની માલમત્તાની ઉઠાંતરી કરાયેલ છે. તેમ છતા આ તસ્કરો પોલીસ પકડથી દુર રહેતા શહેરી જનોમાં નિત્ય થતી ચોરીઓથી ભય ફેલાયો છે. શહેરના રેજીમેન્ટ, રેલ્વે સ્ટેશન, ભોપાનગર અને અન્ય શ્રમજીવી વિસ્તારોમાં પરપ્રાંતમાંથી આવેલા અનેક લોકો વિવિધ મજુરી કામે રહેતા હોય છે. આવા લોકોની ઓળખના પુરાવા ખુદ મકાન માલીક ને હોતા નથી જેથી આવા લોકોની સાચી ઓળખ મળતી નથી જેમા અનેક શકમંદો પણ શ્રમજીવી મજુરોના નામે બિન્દાસ રહેતા હોઈ શહેર પોલીસ આવા લોકોની પણ ઘનિષ્ટ તપાસ કરે તે જરૂરી છે.

# જીલ્લા પંચાયત સદસ્ય કાંનાભાઈ દેસાઈનું નિધન અંતિમ યાત્રામાં હજારોની માનવ મેદની ઉમટી



ડીસા, તા. ૧૬

ડીસા તાલુકાના નાની ઘરનાળ ગામે રહેતા અને વાસણા (જુ.ડી.) ભાજપ સીટ પરથી ગત ચુંટણીમાં વિજેતા બનેલા કાંનાભાઈ મલાભાઈ દેસાઈને ભીલડી પાસેના સોતમલા ગામ નજીક માર્ગ અકસ્માત નડ્યો હતો. આ માર્ગ અકસ્માતમાં કુલ ત્રણ વ્યક્તિઓ કરૂણતાએ મોતને ભેટી હતી. જ્યારે જીલ્લા પંચાયત સદસ્યનો ગંભીર ઈજાઓએ મહેસાણાની એક ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે દાખલ કરાયા હતાં. જે ઓનું આજે વહેલી સવારે કરૂણતાએ મોત થયું હતું. આજરોજ નાની ઘરનાળ ગામે તેમની અંતિમ યાત્રામાં ભાજપના અનેક મંત્રીઓ.કાર્યકરો સહીત હજારોની માનવ મેદની ઉમટી હતી.

આ અંગેની વિગતો જોઈએ તો ડીસા થી રાધનપુર જતા નેશનલ હાઈવે પર સોતમલા ગામના ઓવરબ્રીજ પાસે ગત શનિવારના રોજ બે મોટરકાર વચ્ચે ઘોઝારો અકસ્માત થયો હતો. જેમાં બે વ્યક્તિઓના ઘટના સ્થળ પરજ કરૂણ મોત થયું હતું. જ્યારે જીલ્લા પંચાયતના સદસ્ય કાનાભાઈ મલાભાઈ દેસાઈને પેટતેમજ માથાની ગંભીર ઈજાઓએ મહેસાણાની ખાનગી હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડાયા હતાં. હાલની જીલ્લા પંચાયતની આવતી કાલે યોજાનાર ચુંટણીઓમાં વાસણા (જુ.ડી.)સીટના ભાજપના ઉમેદવાર હતાં. જેઓનું આજરોજ સારવાર દરમ્યાન મોત થતા જીલ્લા પંચાયતની વાસણા (જુ.ડી.) સીટની ચુંટણીઓ સ્થગીત કરાયેલ છે. તેમના નિધનના સમાચાર મળતાંસમગ્ર બનાસકાંઠા જીલ્લામાં ઘેરા શોકની લાગણી છવાઈ હતી. આજે નાની ઘરનાળ ગામે તેમની અંતિમ યાત્રા યોજાઈ હતી. જેમાં ડીસાના ધારાસભ્ય અને રાજ્ય કક્ષાના મંત્રી લીલાધરભાઈ વાઘેલા, ગુજરાત ગોપાલક નિગમના ચેરમેન સંજયભાઈ દેસાઈ, સહીત જીલ્લા ભાજપ તેમજ ડીસા શહેર અને તાલુકા ભાજપના પદાધિકારીઓ અને કાર્યકરો સહીત હજારોની માનવ મેદની ઉમટી પડી હતી. આ અકસ્માતમાં આશાસ્પદ યુવા ભાજપી નેતાનું અકાળે અવસાન થતા સમગ્ર પંથકમાં શોક છવાયો હતો.

## ગજાનન સેવા સમિતી દ્વારા દાંતા તાલુકામાં અન્ન-કપડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૬

ગજાનન સેવા સમિતી દ્વારા દાંતા તાલુકાના હદાડ પાસેની શાળાઓમાં ગજાનન સેવા સમિતી દ્વારા અન્ન, ચોપડા તથા કપડાનું વિતરણ કરેલ હતું.

બામણોજ, સરકલા, કોદરવી, બાજરવળા, તથા મોહબતગઢની શાળાઓમાં બાળકોની આરોગ્ય ચકાસણી કરેલ હતી. અને વિટામીન અને ટીપા પાયા હતા. ૫૯૦ બાળકોને લાભ આપ્યો હતો.

જુસીકાની ગાડીમાં રાકેશભાઈ, સંજય, ગૌરાંગભાઈ મહેતા, મિલિન્દ ગુપ્તે સાથે હતા. શાળાના આચાર્યોએ સહકાર આપ્યો હતો.



ડીસા ભીલડી હાઈવે પર થોડા દિવસ પહેલા સોતમલા નજીક ગત શનિવારે સર્જાયેલ અકસ્માતમાં ગંભીર રીતે બે વ્યક્તિઓના ઘટના સ્થળે મોત થયા હતાં. જ્યારે જીલ્લા પંચાયત સદસ્ય કાનાભાઈ દેસાઈને સારવાર માટે મહેસાણા ખસેડાયા હતાં. જોકે સાત દિવસની સારવાર બાદ આજરોજ કાનાભાઈનું મોત થયું હતું. અને બીજી તરફ શુક્રવારની રાત્રે ૧૨ વાગ્યાની સુમારે કાર અને ટેન્કર વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં બે વ્યકિતઓને ઈજાઓ થવા પામી હતી. ભાભરના અતુલભાઈ ઠર અને કીર્તીભાઈ પરમાર ભાભરથી ડીસા આવવા નીકળ્યા હતાં. ત્યારે રાત્રે ૧૨ વાગ્યાના સુમારે સીફ્ટ કાર અને ટેન્કર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા તેમાં બેઠેલ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતા તેમને ડીસાની પ્રાઈવેટ હોસ્પીટલ ખાતે ખસેડાયા હતાં.

# વીરમાયા રથયાત્રા રનોડા ગામે સંપન્ન થઈ

ગાંધીનગર, તા.૧૬

ઉત્તર ગુજરાતના જિલ્લાઓ અને દરેક ગામડા-શહેરોમાં ફરી વીરમાયા રથયાત્રા માયાદેવના જન્મસ્થળ ગામ રનોડા ગામે સંપન્ન થઈ હતી. ગામમાં રથ પહોંચતા ગામના સજ્જનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને રથનું ભકિતભાવપૂર્વક સ્વાગત કરી તેને માયા મંદિરે લઈ ગયા હતા જયાં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વીરમાયા સ્મારક સમિતિના પ્રદેશ મહામંત્રી ડી.પી. પરમાર એક નિવેદનમાં જણાવે છે કે, માયા ટેકરી પાટણથી પ્રસ્થાન થયેલ વીરમાયા રથયાત્રા ઉત્તર ગુજરાતના જિલ્લાઓ અને ગામો પાટણ જિલ્લો, બનાસકાંઠા જિલ્લો, સાબરકાંઠા જિલ્લો, મહેસાણા જિલ્લો, ગાંધીનગર જિલ્લો, અમદાવાદ જિલ્લો અને શહેર સહિતના સમગ્ર ઉ.ગુ.ના વિસ્તારોમાં પ્રવાસ કરીને માયાદેવના જન્મસ્થળ ગામ રનોડા, તા. ધોળકા મુકામે મોટી સંખ્યામાં ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં વસંત પંચમીના દિવસે સંપન્ન થયેલ છે.

રિનોડા (ધોળકા) મુકામે સવારે ૧૧ વાગે રથ પહોંચતાં ગામનાં મોટી સંખ્યાના ભાઈ બહેનોએ તેમાં પણ બાલિકાઓએ માથે કળશ સાથે સ્વાગત કરેલ અને ભકિતભાવથી પૂજા કરેલ તથા હાઈવે પરથી વાજતે ગાજતે માયામંદિર લઈ ગયેલ અને ત્યાં આજુબાજુના ગામોના ભાઈ બહેનો તથા આગેવાનોએ જાહેર સભાનું આયોજન કરી રથયાત્રીઓનો પણ સત્કાર કરેલ અને આનંદ વ્યકત કર્યો છે. ઉપસ્થિત મોટી સંખ્યાના ભાઈ બહેનો માટે ભોજનનો પ્રબંધ દલિત ભાઈઓએ કરેલ તથા મંડપ બાઈકની વ્યવસ્થા પણ કરેલ અને પાટણ મુકામે બાંધવામાં આવી રહેલ સ્મારક ઝડપથી પૂર્ણ થાય તે માટે ભાવના વ્યકત કરી છે. ગામ ખાતે બનેલા માયામંદિર માટે ગ્રામ સમાજમાંથી જરુરી સાથ સહકાર મેળવી મંદિરની શોભા વધે તેવું આયોજન પણ વિચારેલ છે.

છેલ્લે રથયાત્રીઓએ પણ ગામ લોકોનો આભાર માની માયાદેવમાંથી પ્રેરણા મેળવી સમાજના ભાઈ-બહેનો પાટણ ખાતે સ્મારક ભવન બાંધવામાં પણ જોડાશે તેવી લાગણી વ્યકત કરવામાં આવી હતી. સમગ્રા યાત્રા દરમિયાન વીરમાયા રથયાત્રા કોઈ પણ સ્થળે કોઈ પણ પ્રકારની તકલીફ મુશ્કેલી કે અનીચ્છનીય બનાવ સિવાયા ગૌરવપૂર્ણ સંપન્ન થઈ છે. તે માટે પરમકૃપાળુ પરમાત્મા તથા માયાદેવના ચેરમેન ઝવેરભાઈ ચાવડાએ પ્રાર્થના કરી સૌનો આભાર માન્યો હતો.

### અદાણી સેઝનો મામલો

# ૧૨ કંપનીના ઓપરેશન ઉપર સ્ટે સુપ્રીમે ઉઠાવ્યો

અમદાવાદ,તા. ૧૬

અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમીક ઝોનમાં ૧૨ ઓદ્યોગિક યુનિટ માટે કોમર્શિયલ પ્રોડક્શનને બંધ કરવા ગુજરાત હાઈકોર્ટે આદેશ આપ્યાના એક દિવસ બાદ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણય ઉપર સ્ટે મૂકી દીધો છે. સુપ્રીમ કોર્ટે સ્ટે ઉઠાવી લીધા બાદ અદાણી કંપનીને રાહત થઈ છે. કંપનીએ કહ્યું છે કે યુનિટ પૈકીની એક યુનિટે ૧૪મી ફેબ્રુઆરીના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. સુનાવણી બાદ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશ ઉપર સ્ટે મૂકી દીધો હતો. આગામી સપ્તાહ સુધી હાઈકોર્ટના આદેશ ઉપર સ્ટે મૂકવામાં આવ્યો છે. આગામી સપ્તાહમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે. હાઈકોર્ટે ગુરુવારના દિવસે કેન્દ્ર પાસેથી પર્યાવરણની મંજૂરી ન મળે ત્યાં સુધી અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમીક ઝોનમાં કોમર્શિયલ પ્રોડક્શનને બંધ કરવા આદેશ કર્યો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮